

એક સેક્ટરમાંથી બીજા સેક્ટરમાં જવા માટે આંતરિક માર્ગોની ખૂબ સુંદર સુવિધા ગાંધીનગરમાં છે. પરંતુ સેક્ટર-૬ થી સેક્ટર-૫ માં જવાના આંતરિક માર્ગની થઈ રહેલી ઉપેક્ષાના પરીણામે આ માર્ગ જાણે ડમ્પીંગ સાઈટ હોય તેવુ લાગી રહ્યુ છે. માર્ગ પર માટીના ઢગલા ખડકી દેવાતા એક તરફનો આખો માર્ગ બંધ થઈ ગયો છે.

# શેરીસા ગામે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ મોનિટરીંગની ટીમ ત્રાટકી

## ટીમે અડ્ડા પરથી ૧૮૫૫ લીટર દેશી દારૂ, ૨ હજાર લીટર વોશ, ૧૧ વાહનો, ૧૧ મોબાઈલ રૂ. ૪૬૮૦ રોકડ મળી કુલ રૂ. ૩.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યને અડીને આવેલા પાડોશી રાજ્યોમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે અનેક કીમીયા અજમાવાય છે. બેફામ બનેલા બુટલેગરો દારૂની ફ્રી હોમ ડીલીવરી કરતા હોવાના કિસ્સા ધ્યાને આવ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના શેરીસા ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં મંડપ બાંધીને દેશી દારૂનો અડ્ડો ચાલી રહ્યો હતો. ત્યારે આ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી. આ ટીમે અડ્ડા પર દરોડો પાડતા સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ છે. પોલીસે અડ્ડા પર તપાસ કરતા ૫૬ કેરબામાં ભરેલો ૧૮૮૫ લીટર દેશી દારૂ, ૨ હજાર લીટર વોશ, ૧૧ વાહનો, ૧૧ મોબાઈલ ફોન સહિત રોકડા રૂ. ૪૮૬૦ મળી કુલ રૂ. ૩.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. શેરીસા ગામે કાર્યરત દેશી દારૂની ભઠ્ઠીઓ પરથી દારૂ બનાવીને અમદાવાદ સપ્લાય કરવામાં આવતો હતો.

મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી મળી હતી કે શેરીસા ગામમાં આનંદપરા રહેતા નાગજી ઉર્ફે નાગજી શકરાજી ઠાકોર દેશી દારૂની ભઠ્ઠી ચલાવે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા કાચા છાપરામાંથી ૭ શખ્સો ઝડપાયા હતા. જ્યાથી પોલીસને દેશી દારૂના ૨૪ કેરબા અને ૮ દ્વીચક્રી વાહનો મળી આવ્યા હતા. જ્યારે પોલીસે શકરા ઠાકોરની પુછતાછ કરતા તેણે પોતાનો દિકરો નાગજી દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવે છે. જે ખેતરમાં લોડીંગ રીક્ષા દારૂ લેવા માટે ગયો છે. જેથી ટીમના સભ્યો ખેતરમાં જતા જોયુ તો તાડપત્રીથી બનાવેલ મંડપ મળી આવ્યો હતો. જો કે પોલીસની ગંધ આવતા નાગજી ઠાકોર નાસી ગયો હતો.

જો કે દારૂ લેવા માટે અમદાવાદના શકરાજી માનસંગજી ઠાકોર, જીતેન્દ્રસીંગ સુખબીરસિંઘ નંદા, સોનુ મહેશભાઈ ભરદેલે, પોપટજી મોહનજી ધોબી, સુનિલ નવનાથ પાંડે, રમેશ સોનાભાઈ મીણા, દિલિપ પંડિતભાઈ સૂર્યવંશી નામના શખ્સો પકડાઈ ગયા હતા. જ્યારે મુખ્ય સુત્રધાર નાગજી ઠાકોર અને દારૂ મંગાવનાર ૭ શખ્સો સહિત અજબસિંહ ઉર્ફે જેબુ કરતારસિંગ અઠવાલ અને રમેશ મોચી સામે પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- રાંધેજા ગામે સસ્તા અનાજની દુકાનેથી અનાજ લેવા આવતા ગરીબોને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના માધ્યમથી કાપડની હેન્ડબેગનું આજે વિતરણ કરાયુ હતુ.
- આમ આદમી પાર્ટીએ રાંધેજા ખાતે આજથી જિલ્લાના કાર્યાલયનો આરંભ કર્યો છે.
- રાજય સરકારે ૧૧ જેટલા રાજય વેરા અધિકારીઓની બદલીનો હુકમો જારી કર્યા છે.
- જિલ્લામાં વરસાદ ખેંચાતા વાવણી કાર્ય અટકી ગયુ છે.
- મંગળવારથી ગૌરીવ્રતનો શુભારંભ થતો હોવાથી બજારમાંથી તૈયાર 'ગોરો' ખરીદવા લોકો જોવા મળ્યા હતા.
- જિલ્લામાં આજે રવિવાર હોવાથી વેક્સિનેશન અભિયાન બંધ રહ્યુ હતુ.
- શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત સફાઈ નહિ થતી હોવાથી ગ્રામીણ વિસ્તારના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.
- આગામી સપ્તાહથી શહેરમાં વધુ એકવાર પ્લાસ્ટિક વિરોધી ઝુંબેશ શરૂ કરવા માટેની રણનીતિ મનપાનું તંત્ર તૈયાર કરી રહ્યુ છે.

# સિવિલમાંથી રીક્ષા અને સે-૧૭ માંથી મોપેડ ચોરાયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં વાહન ચોરીના કિસ્સામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સિવિલ હોસ્પિટલ વાહનચોર ટોળકી માટે પસંદગીનું સ્થાન છે. સિવિલ હોસ્પિટલમાંથી આંતરે દિવસે વાહનની ચોરી થાય છે, ત્યારે સેક્ટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં સહકારી આવાસમાં રહેતા રાજેશ દંતાણી રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ ગત તા. ૧૫ જુલાઈના રોજ દિકરાને હાથ પર લાકડુ વાગતા સારવાર માટે પુત્રને લઈ ગાંધીનગર હોસ્પિટલ આવ્યા હતા. સાંજે ૬.૩૦ વાગ્યાના અરસામાં તાત્કાલિક વિભાગમાં સારવાર માટે રીક્ષા મુકીને ગયા હતા. જ્યારે ૭ વાગે પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પરથી સીએનજી રિક્ષા નં. જીજે-૧૮.એવી.૩૧૪૨ ગાયબ હતી. રીક્ષા અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ રીક્ષા મળી આવી ન હતી. આ અંગે રૂ. ૪૦ હજારની રીક્ષા ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

જ્યારે બીજા બનાવમાં ઘ-૫ થી ચ-૫ તરફ જવાના માર્ગ પરથી મોપેડની ચોરી થઈ છે. વાસણા ચૌધરી ગામના યોગેશભાઈ ચૌધરી દિકરાની સારવાર માટે ગાંધીનગર આવ્યા હતા. ચ-૫ થી ઘ-૫ જતા માર્ગ પર સેક્ટર-૧૭ બાજુ મોપેડ મુકીને શાન્તમ હોસ્પિટલ ગયા હતા. દિકરાને સારવાર માટે દાખલ કરાતા તેઓ ત્યાં જ હતા. ત્રણ વાગે પાણીની બોટલ મોપેડમાંથી નીકાળી હતી. ત્યારબાદ સાડા ત્રણ વાગે પાણીની બોટલ પરત મુકવા આવ્યા ત્યારે મોપેડ નં. જીજે.૧૮.સીએલ.૦૪૬૯ ગાયબ હતુ. યુવકે સે. ૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ. ૨૦ હજારના મોપેડ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી તમે કહ્યુ એમ હું મારું દરેક ભોજન બીજા સાથે શેર કર્યા બાદ જ લઉ છું... પહેલા બધા સોશ્યલ મીડીયામાં ફોટો શેર કરીને જ જમુ...!!

# લવારપુર-પાલજ માર્ગ પર બોરકૂવાની ઓરડી પાસે બાજી માંડીને બેઠેલા ૬ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૮

લવારપુર-પાલજ તરફ જતા એપ્રોચ માર્ગ પર મનુભાઈ ઈશ્વરભાઈ પટેલના બોરકૂવાની ઓરડીના આગળના ભાગે ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે જુગાર રમતા ૬ શકુનીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૦,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કોરોનાને પગલે વેપારમાં ગતિ આવી નથી. બજારો સૂમસામ લાગી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યુ છે. ગાંધીનગરમાંથી આંતરે દિવસે જુગારીઓ અને જુગાર ધામ ઝડપાય છે. ત્યારે ડભોડા પોલીસે લવારપુર-પાલજ માર્ગ પર બોરકૂવાની ઓરડી પાસે જુગાર રમતા જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ત્યારે લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા શકુનીઓમાં ૫૦ વર્ષિય બળવંતજી હેમજીજી કાળાજી ઠાકોર, લક્ષ્મણજી વીરજીજી વનાજી ઠાકોર, પ્રહલાદજી પોપટજી ઠાકોર, કરણ નટુજી ઠાકોર, સતિષ પશાજી ઠાકોર અને આકાશ સુરેશજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રકમ રૂ. ૩૦૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ. ૧૦,૪૦૦ મળી કુલ રૂ. ૧૦,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જાહેરનામા ભંગ અને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# સોની સમાજનું ઓનલાઈન જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેપીનેસ અને સપ્તપદી ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સમગ્ર સોની સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ, વિધુર-વિધવા, છૂટાછેડાવાળા ઉમેદવારો માટે ઓનલાઈન જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરાયું છે. રવિવારે તારીખ ૫મી સપ્ટેમ્બરના રોજ ૧૦ વાગે ઝૂમ એપ્લિકેશનના માધ્યમથી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાનો બાયોડેટા, પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંસ્થાના કાર્યાલય ખાતે તારીખ ૧૫ ઓગસ્ટ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.





## રાંધેજા ખાતે ''આપ''ના નવા જિલ્લા કાર્યાલયનું ઉદ્દ્ઘાટન

ગાંધીનગર મહાનગર ઉપરાંત જિલ્લામાં પણ પોતાનું સંગઠન મજબૂત કરવાના હેતુથી આમ આદમી પાર્ટી દ્વારા ગ્રામ્ય વિસ્તાર રાંધેજા ખાતે નવું જિલ્લા મધ્યસ્થ કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યાલયના ઉદ્દ્ઘાટનમાં દિલ્હીથી અમદાવાદ ઝોન પ્રભારી તરીકે નિયુક્ત કરાયેલા શિવકુમાર ઉપાધ્યાય, જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ, ઝોન સહ સંગઠન મંત્રી અભિષેક પટેલ અને વિજય આચાર્ય સહિત સંગઠનના વિવિધ હોદ્દેદારો અને પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ગાંધીનગરના આંગણે રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સૂરીશ્વરી મહારાજની ચાતુર્માસ અર્થે પધરામણી

## સે-૨૨ ખાતે ભવ્ય સામૈયા યાત્રા થકી મહારાજશ્રીનું સ્વાગત કરાયું : કોબા મહાવીર આરાધના જૈન તિર્થના સ્વપ્રદષ્ટા સાથે શ્રૃતજ્ઞાનના ભંડાર મહારાજશ્રીની વાણીનો લાભ પાટનગરવાસીઓને મળશે





ગાંધીનગરના જૈન શ્રધ્ધાળુઓ જે પળની ચાતક નજરે વાટ જોઈ રહ્યા હતા તે અમૂલ્ય ઘડી આજે સવારે આવી પહોંચી હતી. આજે સેકટર-૨૨ ખાતે જૈન સંઘના આંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલય સંકુલ ખાતે ભવ્ય સામૈયા સાથે કોબા મહાવીર જૈન આરાધના તિર્થના સ્વપ્રદષ્ટા રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે ચાતુર્માસ અર્તે પધરામણી કરી હતી.

ગાંધીનગરના કૌબા ખાતેના મહાવીર જૈન આરાધના તિર્થના સ્વપ્રદષ્ટા તેમજ શ્રુત જ્ઞાનના ભંડાર શ્રૃતોપાસક જૈન હિત ચિંતક રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સુરીશ્વર મહારાજ સંવત ૨૦૭૮ની ચાતુર્માસ આરાધના શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે કરશે. તેમની સાથે શ્રી પ્રશાંતસાગરજી મ.સા. તેમજ સાધ્વીજી મુકિતરત્નાશ્રીજી મ.સા. પણ પધાર્યા છે. આજે સવારે ભવ્ય સામૈયા સાથે સંતગણનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જૈન શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જિનાલયે આયોજિત કાર્યક્રમમાં સંગીત સુર બેલડી હર્ષિલ-મોક્ષિતે ભકિત સંગીત રજૂ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાજશ્રીના ચાતુર્માસ પ્રવેશ તથા સાધર્મિક ભકિત ઉપરાંત નવકારશીના સંપૂર્ણ લાભાર્થી સે-૨૨ના શાંતિલાલ વાડીલાલ વોરા પરિવાર હતો.

# વિજય રૂપાણીનું શાસન ૧૮૨૫ દિવસની નજીક; સત્તાના ૫ વર્ષ પૂર્ણ કરનારા ચોથા મુખ્યપ્રધાન

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગાંધીનગર-ગુજરાતના હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી આ ઓગષ્ટ મહિનામાં રાજ્યના એવા ચોથા મુખ્યમંત્રી બનશે કે જેઓએ શાસનના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. આ અગાઉ સૌથી વધુ ૧૨ વર્ષનું શાસન નરેન્દ્ર મોદીએ કર્યું છે. તેમના અગાઉ માધવસિંહ સોલંકી અને હિતેન્દ્ર દેસાઈએ પણ પાંચથી વધુ વર્ષનું શાસન કર્યું છે. ગુજરાતની ગાદી પર શાસન કરનારા ૧૬ મુખ્યમંત્રી પૈકી ચાર મુખ્યમંત્રી એવાં છે કે જેમણે શાસનના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. વિજય રૂપાણીએ ૭મી ઓગષ્ટ ૨૦૧૬માં મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. આ વર્ષે ૭મી ઓગષ્ટે તેઓ પાંચ વર્ષ પૂર્ણ કરશે.

**ગુજરાતના રાજકારણમાં હિતેન્દ્ર દેસાઇ, માધવસિંહ સોલંકી અને નરેન્દ્ર મોદીએ પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે**

**● મોદીના શાસનના દિવસો ૪૬૧૦ હતા...**

ગુજરાતમાં જે મુખ્યમંત્રીએ ૧૮૨૫ દિવસો કે તેથી વધુ શાસન કર્યું છે તેઓએ પાંચ વર્ષ સુધીનું શાસન કર્યું હોવાનું કહેવાય છે. રાજ્યમાં સૌથી વધુ ૪૬૧૦ દિવસ સુધી નરેન્દ્ર મોદીએ શાસન કર્યું છે. એ પહેલાં માધવસિંહ સોલંકીએ ૨૦૪૯ દિવસ અને હિતેન્દ્ર દેસાઈએ ૨૦૬૨ દિવસનું શાસન કર્યું છે. વિજય રૂપાણી ઓગષ્ટ ૨૦૨૧માં શાસનના પાંચ વર્ષ એટલે કે ૧૮૨૫ દિવસનું શાસન પૂર્ણ કરશે, એ સાથે તેઓ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનો રેકોર્ડ પણ તોડશે. કેશુભાઈએ રાજ્યમાં ૧૫૩૩ દિવસ સુધી શાસન કર્યું છે. રૂપાણીએ શાસનમાં ૧૨ મુખ્યમંત્રીને પાછળ છોડ્યાં છે.

**● રૂપાણીને અસ્થિર કરવાના પ્રયાસો થયાં છે...**

શાસનના પાંચ વર્ષમાં રૂપાણીને પાર્ટીના અંદરના નેતાઓએ ઘેરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ તેઓ ચૂપચાપ તેમનું શાસન કરી રહ્યાં છે. દર છ મહિને એટલે કે અત્યાર સુધીમાં આઠ થી નવ વખત તેમને બદલવાની અટકળો તેજ બની હતી પરંતુ તેઓ યથાવત છે. રૂપાણીને બદલીને મનસુખ માંડવિયા મુખ્યમંત્રી બને છે તેવી અટકળો સચિવાલય સહિત રાજ્યભરમાં ચાલતી રહી છે પરંતુ હાઈકમાન્ડનો વિશ્વાસ રૂપાણી પર વધતો જ રહ્યો છે અને તેઓ મજબૂત થતાં રહ્યાં છે. રૂપાણીના નેતૃત્વમાં વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપને ૯૯ બેઠકો મળી હતી. બેઠકો ઓછી હતી પરંતુ જો જીતા વોહી સિકંદરની જેમ શાસન તો ભાજપનું આવ્યું હતું. હવે તેમના નેતૃત્વમાં ૨૦૨૨ની ચૂંટણી પણ યોજાવાની છે. આગામી ચૂંટણીમાં ભાજપનો વિજય થાય તો વિજય રૂપાણી માધવસિંહ સોલંકીનો ૨૦૧૯ દિવસના શાસનનો તેમજ હિતેન્દ્ર દેસાઈના ૨૦૬૨ દિવસના શાસનનો રેકોર્ડ તોડશે.



**● સૌથી ઓછું શાસન દિલીપ પરીખના નામે...**

ગુજરાતમાં શાસન કરનારા મુખ્યમંત્રીની સંખ્યા ૧૬ થવા જાય છે જે પૈકી નરેન્દ્ર મોદીએ જેટલા વર્ષ શાસન કર્યું છે તેટલા વર્ષ હવે ભાગ્યેજ કોઈ મુખ્યમંત્રી કરી શકે તેમ છે. મોદીએ સતત ૧૨ વર્ષ શાસન કર્યું છે. તેમના પછી હિતેન્દ્ર દેસાઈ અને માધવસિંહ સોલંકી આવે છે. ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ ૧૨૩૮ દિવસ, બળવંતરાય મહેતાએ ૭૩૩ દિવસ, ઘનશ્યામ ઓઝાએ ૪૮૮ દિવસ, ચીમનભાઈ પટેલે ૧૬૫૨ દિવસ, બાબુભાઈ પટેલે ૧૨૫૩ દિવસ, અમરસિંહ ચૌધરીએ ૧૬૧૮ દિવસ, છબીલદાસ મહેતાએ ૩૯૧ દિવસ, કેશુભાઈ પટેલે ૧૫૩૩ દિવસ શાસન કર્યું છે. એવી જ રીતે સુરેશ મહેતાએ ૩૩૪ દિવસ, શંકરસિંહ વાઘેલાએ ૩૭૦ દિવસ, દિલીપ પરીખે ૧૨૮ દિવસ અને આનંદીબહેન પટેલે ૮૦૮ દિવસ શાસન કર્યું છે. રાજપામાં સંજોગોએ જેમને મુખ્યમંત્રી બનાવ્યા હતા તે દિલીપ પરીખનું શાસન સૌથી ઓછું છે.

**● વિજય રૂપાણી નિખાલસ અને કર્મઠ નેતા છે...**

ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી વિજય રમણીકલાલ રૂપાણી સ્વભાવે નિખાલસ અને કર્મઠ નેતા છે. પશ્ચિમ રાજકોટ વિધાનસભા બેઠકના તેઓ પ્રતિનિધિ છે. બીજી ઓગષ્ટ ૧૯૫૬માં બર્મા દેશના રંગૂનમાં જન્મેલા રૂપાણી પરિવાર સાથે ૧૯૬૦માં બર્મા છોડીને ગુજરાતમાં રહેવા આવી ગયા હતા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સક્રિય કાર્યકર્તાથી તેમણે રાજનીતિમાં ઝૂકાવ્યું હતું, ત્યારપછી તે સંઘ અને જનસંઘ સાથે જોડાયા હતા. ૧૯૭૧થી તેઓ ભાજપના કાર્યકર્તા છે. કટોકટી દરમ્યાન ૧૯૭૬માં તેઓ ભાવનગ અને ભૂજની જેલમાં બન્દી બન્યા હતા. તેઓ ૧૯૭૮ થી ૧૯૮૧ સુધી સંઘના પ્રચારક રહ્યાં છે.

**રૂપાણીએ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલનો રેકોર્ડ તોડી નાંખ્યો, ૭મી ઓગષ્ટે તેઓ પાંચ વર્ષ પૂર્ણ કરશે**

**● રાજકોટના કોર્પોરેટર પછી મેયર પણ બન્યાં છે...**

૧૯૮૭માં રાજકોટ મહાનગરમાં સભ્ય તરીકે ચૂંટાયા હતા અને ૧૯૯૬ થી ૧૯૯૭ સુધી રાજકોટના મેયરપદે રહ્યાં છે. ગુજરાતમાં જ્યારે કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની સરકારમાં રૂપાણીને ઘોષણાપત્ર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ૨૦૦૬માં તેઓ પ્રવાસન નિગમના ચેરમેન બન્યા હતા. ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૬માં તેમને ભાજપના પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. ઓગષ્ટ ૨૦૧૪માં વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા કર્ણાટકના રાજ્યપાલ બન્યા ત્યારે હાઈકમાન્ડે રૂપાણીને રાજકોટની બેઠક પરથી ચૂંટણી લડાવી હતી. શરૂઆતમાં તેઓ વાહન વ્યવહાર, જળ પુરવઠો, શ્રમ-રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી બન્યા હતા. ૭મી ઓગષ્ટ ૨૦૧૬માં વિજય રૂપાણીએ પ્રથમવાર ગુજરાતના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

## સૌથી ઓછું ૧૨૮ દિવસનું શાસન દિલીપ પરીખે કર્યું છે, મોદીનો અણનમ ૪૬૧૦ દિવસનો ભવ્ય રેકોર્ડ